Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# જલસા અવતાર- સફળ આત્મકથા

**Rohit Vaishaliben Kanubhai**

Research Scholar

**Dr. Pravinbhai Ranchhodbhai Patel**

Assistant Professor and Dean

**પ્રસ્તાવના**

પ્રસંગ ગમે તેટલો કડવો હોય પણ તેની યાદ હંમેશા મીઠી હોય છે સ્મૃતિઓમાં સચવાયેલ અતીતની યાદોનું સ્મરણ કરીને વર્તમાનને સુખી બનાવી શકાય છે  અને તેમાંથી પણ આત્મકથા સર્જાય છે. આત્મકથા લખવા પાછળનો ઉદ્દેશ્ય પોતાના જીવનનાં કેટલાંક અનુભવો અને પ્રસંગોથી અન્ય લોકોને જીવન જીવવાનું બળ મળે, પ્રેરણા મળે તે હોય છે. મહાત્મા ગાંધીજીએ આ ઉદ્દેશ્યની પૂર્તિ કરવા માટે 'સત્યના પ્રયોગો' લખ્યા છે.પોતાના સત્યના પ્રયોગો થકી બીજાના ને એવું જીવન જીવવાની પ્રેરણા મળે તે હેતુ સમાયેલ છે. કાકાસાહેબે લખ્યું છે કે "સો-પચાસ ઇતિહાસ અને ચરિત્રો વાંચવા કરતાં એક સાચું આત્મચરિત્ર વાંચવાથી આપણને વધારે બોધ મળે છે."[1]

ક્યારેક પોતાના વિચારો, પોતાના નિર્ણયો અને જીવનમાં મૂલ્યો યોગ્ય અને ઉચિત છે તે યોગ્ય છે. એવું ઠસાવવા માટે પણ આત્મકથા લખાય છે.

આત્મકથા લેખક ક્યારેક ગેરસમજો અને ગેરમાન્યતાઓને દૂર કરવા અને પોતાનું આભાસી નહીં પણ વાસ્તવિક ચિત્ર દર્શાવવા આત્મકથા લખતો હોય છે. કેટલીકવાર પોતાને થયેલો અન્યાય વગેરેનો ખુલાસો કરવા અને પોતાનું સાચું પાસું પ્રગટ કરવા પોતાનું તટસ્થ મૂલ્યાંકન આવનારી પેઢી દ્વારા થાય તે માટે પણ આત્મકથા લખાય છે. પોતપોતાના કાર્યકાળ દરમ્યાન જે અનુભવો થયા અને પોતાના કાર્યક્ષેત્રમાં આગળ વધ્યા. આ બધી બાબતો પોતાના જીવનના અનુભવોરૂપે આત્મકથા સ્વરૂપે પ્રગટ કર્યા છે. પોતાના ક્ષેત્રના લોકોના હિત માટે પણ લેખકોએ આત્મકથાનું સર્જન કર્યું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગમાં આત્મકથા લખવાની શરૂઆત થઈ. અંગ્રેજી સાહિત્યના પ્રભાવ હેઠળ આવેલી ગુજરાતી સાહિત્યને અનેકવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું. આત્મકથા પણ આવું એક સ્વરૂપ છે.

ઐતિહાસિક દૃષ્ટિથી નર્મદની આત્મકથા 'મારી હકકીત' હતી. આ આત્મકથા નર્મદે પોતાના માટે લખી છે.

અનુઆધુનિકયુગમાં ૧૯૯૦ થી ૨૦૦૦ સુધીના સમયગાળામાં પ્રગટ થયેલી આત્મકથાઓમાં કોઈ ધ્યાનપાત્ર આત્મકથા નથી. હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ ઝવેરચંદ મેઘાણીની આત્મકથા 'અંતરછબી' રૂપે આપી છે. વિનોદ ભટ્ટની 'એવા રે અમો એવા રે' માં બાળપણ અને લગ્નજીવનની વાતો ખુલ્લા મને કરે છે. ગુણવંતશાહની 'બિલ્લો ટિલ્લો ટચ'માં બાળપણના પ્રસંગો, શિક્ષણ અને સર્વોદયની વાત છે.ચી.ના.પટેલની મારી વિસ્મયકથા ધ્યાનપાત્ર બની છે. 2016માં ચીનુ મોદી જલસાવતાર પ્રગટ કરે છે આત્મકથાની દ્રષ્ટિએ સાંગોપાંગ સફળ રચના એટલે જલસાવતાર.

ચિનુ મોદીનો જન્મોત્સવ ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૩૯. વર્ષ ૨૦૧૬ના જન્મોત્સવના દિવસે જ ચીનુ મોદી અને વિનોદ ભટ્ટની જુગલબંધી કાર્યક્રમમાં 'જલસાવતાર' આત્મકથાનું લોકાર્પણ કરવામાં આવે છે. જેનું પ્રકાશન 'બૂકપબ' દ્વારા થયેલું છે. આ આત્મકથાની પ્રસ્તાવના રમેશ ર. દવે એ લખી છે. લેખકનું વ્યક્તિત્વ એક ખુલ્લી કિતાબ જેવું પારદર્શક છે એટલે એમની આત્મકથા જોવાની-માણવાનું એક કુતૂહલ હતું.

"જલસાવતાર'ની ડિસેમ્બર ૨૦૧૩માં પ્રગટ થયેલી આત્મકથા બનતી નહોતી. પરંતુ સપ્ટેમ્બર ૨૦૧૬માં પ્રગટ થયેલી બૃહદ આવૃત્તિ જ આત્મકથા બને છે કારણ કે એમાં ચીનુભાઈએ પોતાના જન્મથી જ માંડીને ૨૦૧૫ સુધીના પ્રસંગો-ઘટનાઓને આવરી લઈને સર્જક તરીકેની ખુદની સંડોવણી એમાં કરી

છે."[2]

આત્મકથાનાટ્ય ચીનુમોદી પોતાના જન્મ વિશેની કેટલીક વાતો અત્યંત લાઘવ સાથે પ્રસ્તુત કરતાં કહે છે "મારો જન્મ વિજાપુરમાં અને ભારત આઝાદ થયું ત્યાં સુધી હું ૧૯૩૯ના સપ્ટેમ્બરની ૩૦ મીથી હું વિજાપુરમાં જ રહેલો." ફક્ત એક જ વાક્યમાં પોતાના જન્મનો ઉલ્લેખ કરીને કરીને વિજાપુર વિશે અને પોતાના વિશે વાત કરી છે.

આજીવન જલસામય રહેનાર આત્મકથાકાર ચીનુ મોદીએ 'જલસાવતાર'માં તેમણે જીવનમાં માણેલા કરેલા અને ભોગવેલા 'જલસા'નું આલેખન કર્યું છે.

આત્મકથા કથાકારે 'જલસાઅવતાર' આત્મકથાને ૩ ભાગમાં વિભાજીત કરી છે

પ્રથમ ભાગ -૧ થી ૮૮ પ્રકરણોમાં તેમના જન્મોત્સવથી લઈને પ્રૌઢાવસ્તા સુધીના નાના-મોટા પ્રસંગો અને ઘટનાઓનું આલેખન થયું છે.

1. પરિશિષ્ટ-૧ જેમાં ૧ થી ૧૦ વ્યક્તિ ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

2. પરિશિષ્ટ-૩ જેમાં આત્મકથાકાર ચિનુમોદી વિશે જુદા-જુદા ૧૧ વ્યક્તિઓએ આપેલા પ્રતિભાવો છે.

આત્મકથાને આવશ્યક તમામ લક્ષણો અહીં અખૂટ મળી આવે છે. દા.ત. આત્મકથાનો લેખક પોતે જ ચરિત્ર નાયક હોય, આત્મનિવેદન દ્વારા કથામાં, સ્વની ઝંખના આલેખાતી હોય છે. આત્મકથામાં સર્જકનું સંપૂર્ણ વ્યક્તિત્વ ઉઘડતું હોય છે, સાથે સાથે સર્જકની નિખાલસા, સત્યકથન અને સચ્ચાઈની અપેક્ષા સંતોષાવી જોઈએ. આત્મકથાકારની આસપાસનું સમાજજીવન પરિચિતો, મુરબ્બીઓ અને સ્વજનોનું

દસ્તાવેજી ચિત્રણ આત્મકથામાં થયું આવશ્યક જ નહીં અનિવાર્ય છે. આત્મકથાની ભાષામાં સર્જકતાનો ઓપ હોવો જોઈએ. આ સર્વે લક્ષણો અહીં દૃષ્ટિગોચર થાય છે.

‘જલસા અવતાર’ ના દરેક પ્રકરણમાં લેખક પોતે જ કથાનાયક છે. એવી પ્રતીતિ નિરંતર થયા કરે છે. આત્મકથાના પ્રથમ પ્રકરણમાં પોતાના નાના-નાનીની સ્મરણથી આરંભ કરીને પોતાનું બાળપણનું વિશ્વ આલેખે છે. આવા બોલચાલની ભાષાના લીધે લેખકનું વ્યક્તિત્વ સરળ કિન્તુ ઓજસ્વી રૂપે વ્યક્ત થયું છે. લેખકની સત્યકથન માટેની તત્પરતા પણ અને સૂઝના કારણે ‘હું’ કયાંય ભારેખમ જણાતો નથી. ‘હું’ અવરોધક બનવાને બદલે સમગ્ર આત્મકથાના પ્રવાહને લઈને વહેતો રહ્યો છે. આવાંતો અનેક દૃષ્ટાંતો ‘જલસા અવતાર’માંથીમળી શકે છે.

આત્મકથાનો લેખક પોતે જ આત્મકથાનો નાયક હોવાના લીધે ચિનુ મોદીએ આ સોનેરી તકને ઝડપી લઈને સંપૂર્ણ પ્રામાણિકતાથી પોતાની સારી-નરસી વૃત્તિઓનું નીડર આલેખન કરીને સ્વયંની ખામીઓને ચિત્રિત કરી છે. આમ, વાસ્તવિક આલેખનના કારણે આત્મકથાની વિશ્વસનીયતા નિર્મિત થાય છે. લેખક પોતાના દુર્ગુણોને મદ્યપાન આદત કે પરસ્ત્રી શૈય્યાસુખ કે માંસાહારને બડાશ મારીને વ્યકત નથી કરતા. પણ એકદમ વિનમ્ર બનીને કબૂલાત કરે છે તેમની આ શૈલી ભાષા લાઘવથી પ્રસ્તુત થાય છે.

સર્જક પોતાના સ્વજનોને જ નહીં પણ વિદ્યાર્થીઓ સાથે પણ પ્રેમાળ, વાત્સલ્યસભર અનેનિર્ભીક બનીને રહે છે. વિદ્યાર્થીઓ એક શિક્ષકને નહીં પરંતુ મિત્રોને મળે એવો નિખાલસ વ્યવહાર એમના વ્યક્તિમાંથી પ્રગટે છે. સ્વામિનારાયણ કોલેજના વિદ્યાર્થીઓ સાથેનો સર્જકનો મૈત્રીપૂર્ણ વર્તન આપણને આ વાતની પ્રતીતિ કરાવે છે. એમને મન તેમના વિદ્યાર્થીઓ એટલે સર્જકના માનસપુત્રો હતા. મીનાક્ષી સાથેના બહુચર્ચિત લગ્ને એક આંધીની જેમ તેમના જીવનને વેરવિખેર કરી નાખ્યું. સર્જક પોતાની આપવીતી

કહેતાં લખે છે કે આ સપ્ટેમ્બર ૧૯૭૭નો સમય મારા માટે મૃત્યુથી પણ વધારે દારૂણ અનુભવ કરાવનાર સમયહતો એ નક્કી અને 'તીસરી કસમ'નો રાજકપૂર યાદ આવ્યો જે કહે છે 'કિસી નવટંકીવાલે સે પ્યાર મત કરનાર'[3] પોતાના અવતારને 'જલસા અવતાર' તરીકે ઓળખાવતા સર્જકની આંતર વ્યક્તિત્વની અનુપમ છબિ આ પુસ્તકમાં આલેખિત થઈ છે. સર્જકે સમગ્ર આત્મકથામાં કેન્દ્રબિંદુ એ પ્રેમને જ સ્થાપિત કર્યો છે. તેમણે પોતાના વિદ્યાર્થીઓને, મિત્રોને, સ્વજનોને સૌને અદમ્ય લગનથી ચાહ્યાં છે. પણ એમની ધર્મપત્ની હંસા એ જ સર્જકને આ ચાહતની સમજ આપી છે. એથી જ લેખક કબૂલાત કરે છે. "હંસાને લીધે જ હું પ્રેમ શબ્દની વ્યાખ્યા શબ્દસ્થ કરી શક્યો છું, આમ તમામ મર્યાદાઓને સ્વીકારી આ સ્વીકારનો ભાર ના લાગવા દે એનું જ નામ પ્રેમ."

આથી જ સર્જકે પોતાની ટીકા કરનાર કે પોતાનું ખરાબ ઈચ્છનારને પણ પ્રેમ આપ્યો છે. વાણીનું નિયંત્રણ કરીને કલમને મુક્તમને વિહરવા દીધી છે.

આત્મકથામાં સર્જકે ન ગમતી વાતોનો પણ સહજ અને નિખાલસતાથી ઉલ્લેખ કર્યો છે. પોતાના પિતાશ્રી અંગ્રેજી રહેણી-કરણી દરેક પ્રત્યે અણગમો હતો. તો સાથે સાથે એમની પર્સનાલીટી અને શોમેનશીપથી પ્રભાવિત પણ હતા. પોતાના નાનાના વ્યક્તિત્વને સર્જકે વ્યક્ત કર્યું છે. પોતાના મિત્રો, પરિચિતો સંદર્ભે પણ સર્જકે એકદમ નિખાલસતાથી વાતો કરી છે.

કોઈપણ વ્યક્તિ ક્યારેય પોતાની આસપાસના વાતાવરણ કે જીવાતા જીવનથી પોતાની જાતને અલગ કરી શકતો નથી. અર્થાત્ વાતાવરણથી નિરપેક્ષ નથી હોતો. વિશેષ કરીને આત્મકથાના સર્જકે તો સાંપ્રત સમય અને સમાજજીવનનું તેમજ પરિચિત સ્વજનોનું સચ્ચાઈપૂર્ણક આલેખન કરવાનું હોય છે. આ બધા જ પાસાંઓનું આત્મકથાકારના આંતર-બાહ્ય વ્યક્તિત્વ ઘડતર અને ચણતરમાં મહત્ત્વપૂર્ણ

યોગદાન રહેલું હોય છે. આત્મકથાકારે આ બધા જ તત્ત્વોને સુચારુ ઢંગથી નિરૂપિત કરવાનાં હોય છે. જીવનનો કેટલોક સમય જેની સાથે પસાર કર્યો હોય તેવી વ્યક્તિઓના ચરિત્ર નિરૂપણમાં લેખકે ઘણી જ સાવધાની પૂર્વક માવજત કરવાની હોય છે. 'જલસા અવતાર'માં સર્જક ચિનુ મોદીએ પોતાના સ્વજનો નાના, મામા, માસી, ભાઈબહેનો, પત્ની, પુત્ર-પુત્રી વગેરેનાં ચરિત્રો મનોહર અને મનભાવન બની રહે તેવી રીતે નિરૂપિત કર્યું છે. ચિનુ મોદી મૂળે સાહિત્યકાર અને અધ્યાપક હોવાના નાતે વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ઝુંડ ઘણું વિશાળ હતું. સર્જકની સ્મૃતિપટલ પર રહેલાં અનેકાનેક વિદ્યાર્થી ભાઈ-બહેનોના શબ્દચિત્ર આલેખ્યાં છે. જેમાં રતિલાલ માસ્તર, દીનાનાથ મહેતા, જે.પી.ત્રિવેદી જેવા પ્રાથમિક શાળાના ગુરુજનો તો ચિમનભાઈ પટેલ, નિરંજન ભગત, રવીન્દ્ર ઠાકોર જેવા અધ્યાપકો, વડીલો, તલોદ-કપડવંજ કૉલેજના મિત્રો, તો જ્યાં બાળપણ વિતાવવાના છે એ વિજાપુર, મોસાળ ધોળકા અને શિક્ષણભૂમિ અમદાવાદના વડીલો-સ્વજનો વિશે સર્જન વિસ્તારપૂર્વક વાત કરે છે.

ચિનુ મોદી બહુમુખી વ્યક્તિત્વના સ્વામી હતા. સાહિત્યકાર અને એમાંય વિશેષ કરીને નાટ્યકાર તેમજ કવિ હોવાના કારણે આત્મકથામાં સાહિત્યના બંને સ્વરૂપોનો સુભગ સંગમ કર્યો છે. ક્યાંક નાટ્યાત્મકતા નિખરી આવે છે. તો કયાંક કાવ્યાત્મકતા ચાર ચાંદ લગાવે છે. ઉપરાંત 'નવલકથા સર્જક પણ હોવાના કારણે કથોપકથનની વિવિધ શૈલીઓનો પ્રચૂર માત્રામાં પ્રયોગ જોવા મળે છે. પોતાના અંતરંગ મિત્ર-ચિત્રકાર-શિલ્પકારનું ચિનુ મોદીએ કંડારેલ શબ્દ શિલ્પ બેનમૂન છે. હેવમોરમાં બહુ ઈમ્પ્રેસિવ કોઈની એન્ટ્રી થાય તો એ વીરાજી સાગરની થાય. જીન્સનું પેન્ટ, યલો રંગનું ઉપરણું, ટટ્ટાર ચાલતો સીસમથી કોતરી કાઢેલો, છ ફૂટ ઊંચો માણસ, હાથમાં ચાર મિનારનુંપાકીટ લઈ પ્રવેશે તો માનવું કે પિરાજી સાગર ઈઝ ઈન વિશાલ ભાલપ્રદેશ, ત્રાંબા જેવો વર્ણ, ભરાવદાર ગાલમાં વાતે વાતે ખંજન પડે.. પીરાજીને બોલતા સાંભળવા હોય ત્યારે પન્નાલાલ ઘોષની વાંસળી સ્વર લહેરાતો લાગે તો કયારેક

બિસમિલ્લાહખાનની શરણાઈ વાગતી લાગે.'[4]

રમેશ પારેખ વિશે વાત કરતાં લેખક કહે છે કે "રમેશની કવિતા એટલે ફાટફાટ થતાં કપાસનું લીલું છમ ખેતર કાલામાંથી રૂ ડોકિયાં કરે એમ રમેશના રૂવે રૂવે કવિતા હતી."

સર્જકે ભાષાનું આકંઠ પાન કર્યું હતું. શબ્દોના આ શિલ્પીએ ભાષાના અનન્ય કસબથી ચરિત્ર નિરૂપણ કર્યા છે. શીર્ષક એવું બળકટ હોય કે આખું પ્રકરણ વાંચવા મન અધીરું બની જાય. પોતાના સ્વજનોના નિરૂપણમાં કયાંય ભાષાનું પોત પાતળું નથી થવા દીધું ભાષા વૈભવ અત્યંત મનોહારી છે.

આત્મકથાના છેલ્લા પ્રકરણ એટલે કે પ્રકરણ-૮૮માં ચિનુ મોદી આત્મનિવેદન કરતાં લખે છે કે "મને મળેલી પ્રત્યેક ક્ષણને મેં પાંખી છે. મને સતત એવું લાગ્યું છે કે પ્રત્યેક ક્ષણ મારા હસ્તાક્ષર સાથે સહી સિક્કા સાથે જ જન્મી છે. મને ક્યારેય એવું નથી લખ્યું હું આ ક્ષણે મને અન્યાય કર્યો."[5] સર્જક પોતાની આંતરવ્યથાને અહી વ્યક્ત કરતાં કહે છે કે મેં કયારેય કોઈના ફીડમ પર તરાપ નથી મારી. બીજા લગ્ન વખતે ધર્મ પરિવર્તનના કારણે મળેલી બદનામી અને તેમ છતાં મનને ગમતી વ્યક્તિ સાથે રહેવા ન માથાની વેદના આવી કંઈ કેટલીયે ઘટનાઓ, પ્રસંગો સર્વે તદ્દન નિખાલસભાવે નિરૂપિત કર્યા છે.

સર્જક આ તમામ વ્યથાને સહેલાં એક જ જવાબ આપે છે ! "મારી પાસે દુઃખને સુખમાં પરિવર્તિત કરનારી જાદુઈ લાકડી છે અને એ મારી ભાષાની બારાખડી" આવું અદ્વિતીય આત્મનિવેદન આ કૃતિને વાસ્તવમાં આત્માની કથા, સ્વની કથા અર્થાત્ આત્મકથા બનાવે છે.

આત્મકથામાં કયાંક સમયનું સંમિશ્રણ પણ જોવા મળે છે. વર્તમાન અને અતીતના ભેળસેળ થયા છે. કેટલાય પુનરાવર્તનો પણ થયાં છે. તેમ છતાં આ આત્મકથામાં એક નિખાલસ અને સચ્ચાઈથી સભર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સાહિત્યકાર ચિનુ મોદીનું શબ્દ શિલ્પ અવતરીત થયું છે. અહીં વાસંતી ખુશ્બુની જેમ કેટલીયે જગ્યાએ કવિતાના શેર વેરાયેલા પડ્યા છે. અને એથી જ આત્મકથા પાઠકને ભાવવિભોર બનાવી રહી છે કાવ્યાત્મકતા આત્મકથાકારે કેટલીક ઘટનાઓ અને પ્રસંગોને કૃતિમાં સમાવ્યા નથી. તેમ છતાં ગુજરાતી સાહિત્યની એક વિરલ આત્મકથામાં સ્થાન પામે એવી કૃતિ છે. સર્જકનું નિખાલસ કબૂલાતનામું "જેમના ઘરોમાં આજે હું આદર પામું છું. પણ એથી રખે માનતા કે એક સ્ત્રીવ્રતા હું છું. હા, હતા ત્યારે ચિનુ મોદી પણ રોમેન્ટીક હતા. પણ એમના કેટલાક ઉસૂલો હતા. એ સિદ્ધાંતના ભોગે એમણે કયારેય કોઈના સાહચર્યનો સ્વીકાર કર્યો નથી. કેટલીક સ્ત્રીઓને મેં પ્રેમના લિસ્ટમાંથી બાકાત રાખેલી છે. પણ હું મર્યાદા પુરુષોત્તમ રામ નથી. મારી લવમેરેજની જૂઠી ઈચ્છા પાછળ અનેક કુંવારિકાઓ સાથે સંબંધ બંધાયો અને એમની ભીતિને કારણે સંબંધ તૂટતાં વગોવાયાં." આત્મકથાકારનું આ નિર્ભીક, નિખાલસ કબૂલતાનામું કૃતિને આસ્વાદ્ય જ નહીં વિરલ બનાવે છે. ચિનુ મોદી વિશેષાંકમાં વિનાયક રાવલ લખે છે કે "આત્મકથા વાંચતાં વાંચતાં કોઈને આ સંકુલ વ્યક્તિમત્તા ધરાવનાર કથાનાયક વિશે નવલકથા સર્જવાનું પણ મન થાય."

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ સૂચિ**

1. આત્મકથા સ્વરૂપ અને વિકાસ, ડૉ.અરૂણ જે.કક્કડ.
2. જલસા અવતાર, ચીનુ મોદી, નવી ચં.આવૃત્તિ-૨૦૧૬.
3. કલાવિમર્શ,ઓક્ટોબર-૨૦૧૭.
4. આત્મકથાના લક્ષણો, રસિલા કડિયા